

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*મીલી-ભગત આતંકી સાથે, ખોટો ખેદ રાખે છે,*
*છે અંદરની એકના એક, ખોટો ભેદ રાખે છે,*
*ઉડતો જોઈ છેદ વિશ્વમાં, રટે વેદના શ્લોક -*
*ત્રાટક છે માત્ર નજરનું, ખોટો કેદ રાખે છે...*
*(હાફીઝ - ખાનગી સ્થળે - નજરકેદ?!)*

**હાઈકુ**

*મળે ન મળે,*
*અંતે તો છે પસ્તાવો -*
*કાષ્ટ ના લાડુ...*
*('લગ્ન' જેવું બજેટ)*

*ઉદય છતાં,*
*ધૂમ્મસમાં 'અરૂણ'*
*દેખાય ઝાંખું...*
*(નિસ્તેજ બજેટ)*

### ચિંતન

**પર ઉપદેસ કુસલ બહુ તેરે, જે આચરહિં તે નર ન ઘનેરે ॥**

ઉપરોક્ત સાખી લંકા કાંડમાંથી લેવામાં આવેલ છે.

બીજાને ઉપદેશ કરવામાં ઘણા લોક નિપુણ હોય છે. પરંતુ તે ઉપદેશ અનુસાર આચરણ કરનાર કોઈક જ હોય છે.

પરોપ દેશે પાંડિત્યમ્ ॥ બીજાને ઉપદેશ કરવામાં કુશળતા.

સંતો-કથાકારો-નેતાઓ ઉપદેશ આપતા હોય છે તે ઘણીવાર અસરકારક નિવડ્યો નથી કારણ કે હાથીનાં દાંત જેવું હોય છે ચાવવાના અલગ-બતાવવાના અલગ.

'બાપુ'ઓનું અંગતજીવન ગંદકીથી લીંપેલું હોય પણ બહારથી સફેદ વસ્ત્રોની શોભા ચમકતી હોય છે. પહેલાં જાતે 'ગોળ' છોડે પછી જ ઉપદેશ અસરકારક બને.

### સુવિચાર

- તમારી સફળતાની ઊંચાઈ તમારા નિશ્ચયની દૃઢતા જેટલી હશે - **સંત રોબિન**
- રાતના અંધકારથી દૂર ભાગનારાના નશીબમાં સૂર્યોદય નથી હોતો - **જાપાની કહેવત**
- પ્રત્યેક રાજમર્ગનો જન્મ નાની કેડીમાંથી થયો હોય છે - **કાંતિ ભટ્ટ**
- મહાનતાની મહેક માણસની મિલ્કતમાંથી નહીં માનવતામાંથી મહેંકે છે - **જનકલ્યાણ**
- ભગવાનને મૂર્તિમાં નહીં માનવ હૃદયમાં શોધવાનો છે - **મુંબઈ સમાચાર**
- મૌન પ્રાર્થનાની મહેંક, અગરબત્તી કરતાં વધારે પ્રસન્નકર હોય છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- ઈશ્વર પર શ્રદ્ધા રાખી શ્રેષ્ઠ રીતે કરેલું કાર્ય કયારેય નિષ્ફળ ગયું હોય તેવું સાંભળ્યું નથી - **ફાધર વાલેસ**
- આજનું ઓષધ : શીળસમાં દૂધીના રસમાં મધ મેળવીને પીવાથી રાહત થાય છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

હજુ થોડાંક જ વર્ષો પહેલાં નેતાઓને પોતાની સુરક્ષા માટે 'કમાન્ડો' રાખવાની જરૂર જ નો'તી પડતી. તેઓ નિષ્ઠાવાન-સેવાભાવી-સાદગીમાં રહેતા 'નેતાઓ' જ હતા.

અમેરિકાના પ્રમુખ રૂઝવેલ્ટ સાંજના ફરવા નિકળ્યા હતા. રેલવે સ્ટેશનથી એક નીગ્રો બે વજનદાર બેગ થઈ લઈ હાથમાં ચબરખી પકડી જતો હતો. નીગ્રોએ પાછળ-પાછળ આવતા પ્રેસિડેન્ટને ઓળક્યા નહીં અને ચબરખીમાં લખેલી હોટેલનું સરનામું પૂછ્યું - રૂઝવેલ્ટે કહ્યું હું એ જ રસ્તે જાઉં છું. તમારી એક બેગ મને ઉંચકવા આપો - નીગ્રોએ અનિચ્છાએ પણ પ્રેસીડેન્ટના આગ્રહને વશ થઈ બેગ આપી. રસ્તામાં, સામાન્ય રહનસહનની વાતો થઈ હોટેલ આવી ગઈ - પ્રમુખે નીગ્રોની બેગ હોટેલનાં પગથિયાં પાસે મૂકી.

ત્યાં તો હોટેલના માલિક - સંગીઓ સહુ રૂઝવેલ્ટનું વંદન અને સ્વાગત કરવા લાગ્યા. રૂઝવેલ્ટ તદન શાંતિથી સરકી ગયા.

નીગ્રોને જયારે ખબર પડી પોતાની બેંગ ઉંચકનાર અમેરિકાના પ્રમુખ હતા ત્યારે ગદ્‌ગદ્ થઈ ગયો.

# સ્માર્ટ સિટી માટેની પહેલી શરત : સ્વચ્છતા

**તંત્રીસ્થાનેથી...**

કેન્દ્રીય બજેટમાં ગુજરાતને ઑલ ઈન્ડિયા મેડિકલ સાયંસ ઈંસ્ટિટયુટ આપવાની જાહેરાતથી આનંદ જરૂર થાય, પરંતુ આવું પ્રિમિયર સંસ્થાન પાટનગરને જ મળવું જોઈએ એવું કયો નગરવાસી નહીં ઈચ્છે? જો કે નજીકમાં જ અમદાવાદ ખાતે એશિયાની સૌથી વિશાળ સિવિલ હોસ્પિટલ આવેલી હોઈ તથા ગુજરાતની સાથે સૌરાષ્ટ્ર પંથકને સતત માનસિક સ્પર્ધા રહેતી હોઈ એમ્સ જેવી સંસ્થા રાજકોટને મળે એવી વિશેષ સંભાવના રહેવાની. આઝાદી પછીના સમયગાળામાં કયારેક સૌરાષ્ટ્ર અલગ રાજય તરીકેની ઓળક ધરાવતું હતું તે ન ભૂલવું જોઈએ. ભાષાવાર પ્રાંચ રચના થતાં સૌરાષ્ટ્ર અને કચ્ચ ગુજરાતના રાજયનો ભાગ બનેલ છે. ધારો કે એમ્સ ગાંધીનગરના કિસ્મતમાં લખાયેલી ન હોય તો છેવટે પાટનગર તરીકે દેશનાં સ્માર્ટ શહેરોમાં તો એનો સમાવેશ થવો જ જોઈએ. આ મુદ્દે કેન્દ્રને વાંધો પણ શું કામ હોય?

પરંતુ કોઈ પણ સ્માર્ટ સિટી માટે નિર્ધારિત કરાયેલ શરતો પાટનગરે પર પૂરી કરવી જ રહી. આ શરતોમાં સૌથી મહત્તવની શરત છે સફાઈ. પાટનગર ગાંધીનગરની મૂળ ઓળખ જ દેશના સ્વચ્છ અને હરિયાળા શહેર તરીકેની રહી છે. નજીકમાં સાતેક ગામડાંની જમીનો હસ્તગત કરીને રાજય સરકારે ગુજરાતની ગરિમાને છાજે એવું રૂપકડું, સુવિધાયુક્ત અને પ્રદૂષણમુક્ત પાટનગર રચવાનો પુરુષાર્થ આદર્યો હતો. પંજાબની રાજધાની ચંડીગઢની પૅટર્ન પર રચાયેલા આ નગર મૂળે તો વસાહતીઓનું નગર હતું પરંતુ કાળક્રમે સાહિત્યિક-સાંસ્કૃતિક અને માનવમૂલ્યોનું જતન કરતી સંસ્થાઓ ધમધમતી થઈ, જેને કારણે પાટનગરની આગવી ઓળખ ઊભી થવા પામી છે. સૌથી આકર્ષક છે એની વૈજ્ઞાનિક ઢબે કરાયેલી નગરરચના, જેમાં ખુલ્લા અને પહોળાં રસ્તાઓ ઉપરાંત આકર્ષક સર્કલો અને આખા નગરની આંતરરાષ્ટ્રીય ઓળખ બની રહેલા હરિયાળી વૃક્ષાવલીનો સમાવેશ થાય છે.

પરંતુ હજી ચંડીગઢ પેટર્ન પર રચાયેલા પાટનગરમાં દર અડધા કિલોમીટરે ચંડીગઢ પેટર્નની શૌચ-સ્નાન સુવિધાઓ ઊભી કરી શકાઈ નથી. એ જ રીતે દરેક સેકટરની ફૂટપાથ પાસે કે મુખ્ય રાજમાર્ગો પર જરૂરી ચીજવસ્તુઓ મળી રહે એવાં શોપિંગ્સ પણ વિકસેલ નથી. વળી સ્વચ્છતાના મુદ્દે શાકમાર્કેટ જેવી જાહેર જગ્યાઓ પર થતી ગંદકીનો કાયમી ઉકેલ પણ આપણે મેળવી શકયા નથી. અલબત્ત, મહાનગરપાલિકા એ દિશામાં ઈમાનદારી પૂર્વક જહેમત ઉઠાવી રહી છે એ ખુદ દુકાનદારો તથા ગ્રાહકો પણ આ મુદ્દે જાગ્રત છે તેની પ્રતીતિ તાજેતરમાં સફાઈ-સર્વેક્ષણ માટે આવેલ કેન્દ્રીય નિરીક્ષક ટીમ સામે આ વર્ગો દ્વારા કરાયેલ ટિપ્પણી પરથી સમજી શકાય એમ છે.

# 'ધમ્મપદ'નાં આ સુવિચારો આજે પણ એટલા જ ઉપયોગી છે





## અમર વારસો

ડો. રશ્મિકાન્ત મહેતા

પરમકારુણિક ભગવાન બુદ્ધ સામાન્ય લોકો સમજી શકે એવી લોકભાષા પાલીમાં ઉપદેશ આપતા એમનો ઉપદેશ 'ધમ્મ' (ઈ. બીજી સદી) માં સંગૃહિત છે - ધમ્મપદ - ધર્મનાં પગલાં. આમાં ૨૬ અધ્યાયમાં ૪૨૩ કાવ્યપંક્તિઓ છે.

આમાંની કેટલીક આ પ્રમાણે છે :

(૧) 'આણે મને ગાળ દીધી; મારી સાથે ખરાબ વર્તન કર્યું, મને હરાવ્યો' આવું બધું વિચારવાનું છોડી દો. તિરસ્કારને કાયમને માટે છોડી શકશો.

(૨) કોઈ કઠોર શબ્દો કહે, તો ધ્યાન ન આપો.

બીજા એ શું કરવું અને શું ન કરવું, એના પર ધ્યાન ના આપો. તમે તમારાં પોતાનાં કાર્યો અને અકાર્યો પર ધ્યાન આપો.

(૩) 'મારે સંતાનો છે.' 'મારે સંપત્તિ છે.' મૂર્ખની જેમ આવા ખોખલાં દાવાઓ ન કરો. જયાં તમારી જાત જ તમારી પોતાની નથી; ત્યાં આવા દાવાઓ કેમ થઈ શકે?

(૪) ખરાબ મિત્રો પસંદ ન કરો. હલકી ચાલચલગત હોય. તેને પસંદ ન કરો. સારા મિત્રો પસંદ કરો. વિવેક રાખો. જે શ્રેષ્ઠ હોય, તે જ પસંદ કરો.

(૫) જે પોતે અભિમાનથી દૂર રહી શકે છે; આસક્તિથી અળગો રહે છે; કુશળ સારથિ જેમ અશ્વોને કાબૂમાં રાખે, તેની જેમ જે પોતાની ઈન્દ્રિયોને કાબૂમાં રાખે છે - તેવાની હાજરીથી ખૂબ દેવો પોતે રાજી રહે છે.

(૬) ડહાપણ ભરેલો એક માત્ર શબ્દ, સાંભળનારને જે શાંતિ આપી શખે છે, તે શાંતિ ઠાલાં વચનોથી ભરેલાં હજારો વાક્યો પણ આપી શકતા નથી.

(૭) સારું કરવાની કોઈ તક જતી ન કરો. મનેને હલકાઈથી બચાવી રાખો. જો તમે સારું કરવાની દાનત નહી રાખો, તો શૈતાનને નોતરી બેસશો.

(૮) કડવી વાણી ન બોલો. કડવી વાણી પાછોતરી આગ થઈને તમને જ દઝાડી દેશે.

(૯) સાચેસાચું વર્તન કરો. કોઈ ખોટું કરવાનું કહે, તો ન માનો. જિંદગીમાં અત્યારે અને હવે પછી સુખી થવાનો આ જ માર્ગ છે.

(૧૦) સોનાનો વરસતો વરસાદ પણ તૃષ્ણાની તરસને છીપવી નહિ શકે.

(૧૧) કામવાસના જેવો કોઈ અગ્નિ નથી. તિરસ્કાર જેવું કોઈ પાપ નથી. આસક્તિની જેવો કોઈ ઝંઝાવાત નથી. મુક્તિની શાંતિથી વધુ કોઈ સુખ નથી.

(૧૨) તંદુરસ્તી ઉત્તમ ઉપહાર છે. સંતોષ ઉત્તમ સંપત્તિ છે. વિશ્વાસુ મિત્ર ઉત્તમ સ્વજન છે.

(૧૩) આસક્તિને કારણે વેદના પ્રગટે છે. આ સક્તિને કારણે ભટ પ્રગટે છે. આથી આસક્તિનાં બંધનો શિથિલ કરી નાખો અને વેદના તેમજ ભયથી મુક્ત થઈ જાવ.

(૧૪) ઝડપથી દોડતા રથનો કુશળ સારથિ લગામને માત્ર પકડી ન રાખે, પરંતુ અશ્વોને નિયમનમાં રાખે; તેની જેમ ક્રોધને મુક્તપણે વહેવા ન દો, નિયમનમાં રાખો.

(૧૫) ઊંચા જીવન મૂલ્યો, અનાસક્તિ, નમ્રતા, સાચી રીતનું જીવન અને સ્પષ્ટ દષ્ટિકોણ - આ બધાંને સાથે રાખીને એક સારા માણસ માટે જીવવું, આસાન નથી.

(૧૬) મોત આવીને ઊભું રહેશે, ત્યારે તમારું કોઈ સ્વજન એને અટકાવી નહિ શકે. એટલે બધાં સાથે સારી રીતે વરતો. ભલું કરવાનો વિચાર આવે, તો તરત અમલ કરી દો.

'ધમ્મપદ'નાં આ સુવિચારો આજે પણ એટલા જ ઉપયોગી છે.

# જૈનાચાર્ય હરિવિજય સૂરીને કયા બાદશાહે જાગતગુરુની ઉપાધિ આપી હતી ?



## ખજાનો

અનિલ પટેલ

### વિશ્વનો ઈતિહાસ

(૧) તંજાવરના બૃહદેશ્વર મંદિરનું નિર્માણ કોણે કરાવ્યું હતું ?
(અ) ગંગ શાસક નરસિંહદેવ (બ) ચોલ શાસક રાજરાજ પ્રથમ
(ક) ગંગ શાસક અનંતવર્મન (ડ) પાલ શાસક ધર્મપાલ

(૨) ઢાઈ દિન કા ઝોપડાનું નિર્માણ કોણે પુરું કરાવ્યું હતું ?
(અ) કુતુબુદ્દીન ઐબકે (બ) ઈલ્તુતમિશે
(ક) સુબુકતગીને (ડ) મહમદ બિન કાસિમે

(૩) હિસાર અને જોનપુર નગરોની સ્થાપના કોણે કરી હતી ?
(અ) ખ્રિજ ખાં એ (બ) ગ્યાસુદ્દીન તઘલખે
(ક) ફિરોજશાહ તઘલખે (ડ) મહમદ તઘલખે

(૪) આગ્રા શહેરની સ્થાપના કોણે કરી હતી ?
(અ) બહલોલ લોદીએ (બ) હુમાયુએ
(ક) બાબરે (ડ) સિકંદર લોદીએ

(૫) વિજયનગર સામ્રાજયનો સર્વશ્રેષ્ટ શાસક કોને માનવામાં આવે છે ?
(અ) કૃષ્ણદેવ રાય (બ) દેવરાજ પ્રથમ
(ક) હરિહર પ્રથમ (ડ) બુક્કા

(૬) કયા મુઘલ બાદશાહનું મૃત્યુ સીડી પરથી પડી જવાથી થયું હતું ?
(અ) જહાંગીર (બ) ઔરંગઝેબ
(ક) હૂમાયુ (ડ) બાબર

(૭) જૈનાચાર્ય હરિવિજય સૂરીને કયા બાદશાહે જગતગુરુની ઉપાધિ આપી હતી ?
(અ) શાહજહાંએ (બ) જહાંગીરે
(ક) અકબરે (ડ) હુમાયુએ

(૮) કયા બાદશાહે શિખ ગુરુ અર્જુનદેવ પર દેશદ્રોહનો આરોપ મુકી ફાંસીની સજા કરી હતી?
(અ) જહાંગીરે (બ) ઔરંગઝેબે
(ક) અકબરે (ડ) શાહજહાંએ

(૯) દિલ્હીનો પ્રથમ મુસ્લિમ શાસક કોણ હતો?
(અ) બહેલોલ લોદી (બ) અલ્લાઉદ્દીન ખિલજી
(ક) ઈબ્રાહીમ લોદી (ડ) કુતુબુદ્દીન ઐબક

(૧૦) કયા મુઘલ શાસકનો રાજયાભિષેક બે વાર થયો હતો ?
(અ) જહાંગીર (બ) હૂમાયું
(ક) ઔરંગઝેબ (ડ) મુહમદ શાહ

(૧૧) ૧૯૫૭ના વિપ્લવની શરુઆત કયાંથી થઈ હતી?
(અ) મેરઠ (બ) ગ્વાલિયર
(ક) ઝાંસી (ડ) આગ્રા

(૧૨) રાણી લક્ષ્મીબાઈને છળકપટથી હરાવનાર અંગ્રેજ અધિકારીનું નામ શું?
(અ) હાર્ડીગ્ઝ (બ) હ્યુરોજ
(ક) હેસ્ટિંગ્સ (ડ) વેલેસ્લી

(૧૩) ભારતનો પ્રથમ વાઈસરોય કોણ હતો?
(અ) કેનિંગ (બ) વેલેસ્લી
(ક) હ્યુરોઝ (ડ) બેન્ટિંગ

(૧૪) 'ધુન્ધુપંત' એ કોનું નામ હતું ?
(અ) મંગલ પાંડે (બ) કુંવરસિંહ
(ક) વીર સાવરકર (ડ) નાના સાહેબ

(૧૫) મંગલ પાંડેને મૃત્યુદંડ આપ્યા પછી સૌ પ્રથમ વિદ્રોહ કયાં થયો હતો?
(અ) ગ્વાલિયર (બ) નાગપુર
(ક) અલ્હાબાદ (ડ) મેરઠ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- **૩ ફેબ્રુઆરી ૧૮૯૦ : પૌલ સ્હેરર :** સ્વીઝ ભૌતિકશાસ્ત્રી, એક્સ-રે ડીફ્રેકશન એનાલીસીસ મેથડના સહ સંશોધક
- **૩ ફેબ્રુઆરી ૧૮૬૨ : વિલિયમ જેક્સન હમ્ફ્રેસ :** અમેરિકન ભૌતિકશાસ્ત્રી, વાતાવરણના સંદર્ભમાં કેટલાક નિયમો આપનાર
- **૪ ફેબ્રુઆરી ૧૮૯૬ : ફ્રેડરીચ હંડ :** જર્મન ભૌતિકશાસ્ત્રી, અણુ અને પરમાણુના ઈલેકટ્રીકલ સ્ટ્રકચર પર સંશોધન કરનાર
- **૪ ફેબ્રુઆરી ૧૮૯૩ : રેમન્ડ એ. હર્ટ :** ઓસ્ટ્રેલિયામાં જન્મેલા, સાઉથ આફ્રિકન એન્થ્રોપોલોજીસ્ટ. 'ફોસીલ્સ હોમીનીડ લીડ' પર સંશોધન કરનાર.
- **૫ ફેબ્રુઆરી ૧૯૬૬ : સર આર્થર કેઈથ :** સ્કોટીસ એનાટોમીસ્ટ, તથા ફીઝીકલ એન્થ્રોપોલોજીસ્ટ, 'ફોસીલ હ્યુમન્સ' પર અભ્યાસ કરનાર
- **૫ ફેબ્રુઆરી ૧૮૪૦ : સર હિટમાન મેકસીમ :** અમેરીકન - ઈંગ્લીશ સંશોધક. 'મેક્ઝીમ મશીન ગન' ના શોધક.
- **૬ ફેબ્રુઆરી ૧૮૬૮ : જયોર્જ એ. ડોર્સી :** અમેરીકન એન્થ્રોપોલોજીસ્ટ અને ઈથનોગ્રાફર. 'નોર્થ અમેરીકન ઈન્ડીયન્સ' પર અભ્યાસ કરનાર
- **૬ ફેબ્રુઆરી ૧૮૫૨ : સી - લોઈડ મોર્ગન :** બ્રિટીશ ઝુઓલોજીસ્ટ અને સાયકોલોજીસ્ટ. પ્રાણીઓની વર્તણૂંક પર સંશોધન કરનાર
- **૭ ફેબ્રુઆરી ૧૮૩૩ : એરીક ટેમ્પલ બેલ :** સ્કોટીસ અમેરીકન ગણિતશાસ્ત્રી, 'એનાલીટીક નંબર થિયરી' પર સંશોધન કરનાર
- **૭ ફેબ્રુઆરી ૧૯૭૭ : જી. એચ. હાર્ડી :** ઈંગ્લીશ ગણિત શાસ્ત્રી. મેથેમેટીકલ એનાલીસ પર કામ કરનાર
- **૮ ફેબ્રુઆરી ૧૮૬૬ : મોસ ગોમ્બર્ગ :** રશિયામાં જન્મેલા - અમેરીકન રસાયણ શાસ્ત્રી. 'ઓર્ગેનિક ફ્રી રેડિકલ' પર સંશોધન કરનાર
- **૮ ફેબ્રુઆરી ૧૮૩૪ : ડમીટી ઈનોવીચ મેન્ડેલીવ :** જર્મન રસાયણશાસ્ત્રી. 'એલ્યુમીનો - થર્મિક' પ્રોસેલ આપનાર વૈજ્ઞાનિક.
- **૯ ફેબ્રુઆરી ૧૮૭૧ : હોવાર્ડ ટી. રીકટસ :** અમેરીકન પેથોલોજીસ્ટ 'કોઝીટીવ ઓર્ગેનીઝમ' પર સંશોધન કરનાર
- **૯ ફેબ્રુઆરી ૧૮૬૫ : ઈરીચ ડેગોર્બટ વોન ડ્રાયગલસ્કી :** જર્મન જીઓગ્રાફર, જવાળામુકી પર સંશોધન કરનાર

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : ભૂતપૂર્વ મુખ્યમંત્રી એન.ડી. તિવારીનો કયો પુત્ર ભાજપમાં જોડાયો? જવાબ : રોહિત શેકર**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૩) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૪) જયેન્દ્રપ્રસાદ એન પાઠક : સે-૬ (૫) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૬) મહેશ એમ. જાદવ : શ્રીરંગ આર્કેડ, રાયસણ (૭) અનિકેત સુમેસરા : સે-૨૪, (૮) આર્પ બી. ચૌધરી : સે-૨૮ (૯) હિતેશ ડી. સોની : સે-૨૪

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ચૌધરી ચરણસિંહના પુત્ર અજિતસિંહ કઈ પાર્ટીના અધ્યક્ષ છે?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

[illegible]

# લોહીના ટેસ્ટ કરતી બ્લડ બેંકમાંથી જ લોહી લેવું



## તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડો. દિનેશ રાઠોડ

ગયા અંક માં જોયું કે પ્રભુદાસ ભાઈ ને ઝાડા માં લોહી વહી ગયું હતું. ૩ ગ્રામ કરતા પણ ઓછું લોહી શરીર માં હતું. સામાન્ય રીતે ૧૩.૫ થી ૧૭ ગ્રામ પુરુષ માં લોહીની માત્રા હોય છે જયારે પ્રભુદાસ ભાઈ ને તો ૩ કરતા પણ ઓછું હતું એટલે લોહી ચઢાવું એ પ્રાથમિકતા હતી એટલે ડોકટરે કોઈ પણ જાત નો સવાલ પૂછ્યા સિવાય પહેલા લોહી ચઢાવો એવું ફરમાન પ્રભુદાસ ભાઈ ને કર્યુ હતું. અને એ પ્રમાણે ના મરજી હોવા છતાં પણ પ્રભુદાસ ભાઈ એ લોહી બ્લડ બેંક માંથી લીધું.ચાર એક લોહી ની બાટલી ઓ ચઢાવ્યા પછી પ્રભુદાસ ભાઈના લોહીના ટકા લગભગ ૧૦ની નજીક આવ્યા દરરોજની ૧ બોટલ લેખે ૪ એક બોટલ લોહી અને દવા સાથે પ્રભુદાસ ભાઈને HB ૧૦ ની નજીક આવ્યું, હિમોગ્લોબીન વધતા પ્રભુદાસભાઈ જરા મુડમાં હતા પણ એમને આ લોહી ચઢાવ્યાની વાત બિલકુલ મજા ના આવી અકળાયેલા પ્રભુદાસ ભાઈ એ ડોકટર ઉપર પ્રશ્નોનો મારો ચલાવ્યો પરભુદાસ ભાઈ એ ડોક્ટરને કહ્યું કે ડોક્ટર મારે અડધો કલાક જેટલો તમારો સમય જોઈએ છે તમારી જે કઈ ફી હશે એ હું આપવા તૈયાર છું પણ મારે તમને મળવું જ છે ડોકટરે કહ્યું પ્રભુદાસ ભાઈ પૈસા માટે બધું કામ નથી થતું મેડીકલ પ્રોફેશન માં આમે આવ્યા છીએ તો અમારી પહેલી પ્રાથમિકતા દર્દી ની સેવા છે બીજી પ્રાથમિકતા દર્દી ની સાચું નીદાન કરી આપવાનું અને નિદાન થયું હોય એ પ્રમાણે સાચી દવા કરવાની, ત્રીજી પ્રાથમિકતા અમારી પાસે જે જાણકારી હોય એનો ઉપયોગ કરવો અને રોગના નિદાન માટે બીજી બ્રાંચ જેમ કે લેબોરેટરી, X-RAY અથવાતો બીજી ફેકલ્ટી ના ડોકટરો જોડે મોકલીએ છે અને સાચું નિદાન અને દવા થાય અને લોકો ની સેવા થાય એવું હોવું જોઈએ અને પૈસા છેલ્લે ગણવા જોઈએ લોટ માં મીઠું ભળે એટલાજ પૈસા લેવા જોઈએ લોટ અને મીઠા પ્રમાણ જો બદલાઈ જાય તો ભાખરી કોઈ ના ખાય એટલેક લોટ ખરાબ થાય પ્રભુદાસ ભાઈ બોલ્યા ડોક્ટર સાહેબ તમે વાત તો બહુ સાચી કરો છો બધા ડોક્ટર તમારી જેમ કરતા હશે? ડોકટરે કહ્યું કે જયારે અમે ડોક્ટર થઈ ને બહાર પડીએ અને અમારી ડીગ્રી આવે ત્યારે અમને પ્રતિજ્ઞા લેવડાવામાં આવે છે કે સેવા એ અમારો મુખ્ય ભાગ હોય છે ઘર કરતા પણ વધારે અમે અમારા દર્દીનું ધ્યાન રાખીશું સમય કાળ જતા જેમ ડોકટરો ઉંમરમાં મોટા થતા જોય છે તેમ તેમ અ પ્રતિજ્ઞા ની અસર ઓછી થતી જાય છે એટલે આ પ્રતિજ્ઞા ફરીથી લેવાય એવું મેડીકલ યુનીવર્સીટી અને MCI એ કરવું જોઈએ.

પ્રભુદાસ ભાઈ બોલ્યા MCI એટલે શું ? એટલે ડોક્ટર બોલ્યા મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા જેમાં નોધણી કરવી ખુબ જરૂરી છે નોધણી થાય પછી ભારત ના કોઈ પણ રાજ્યમાં ડોક્ટર તરીકેની સેવા આપી શકાય ડોક્ટર સાહેબ તમે જે મને સમય આપ્યો ટે સરસ મારા માટે ખુબ આનંદની વાત છે પણ મારે જાણવું જરૂરી છે આ બ્લડ બેંક વાળા લોહી કોઈનું, આપવાનું કોઈને, છતાં પણ આટલા બધા પૈસા લે છે. કોઈ જગ્યા એ ૭૦૦ લેવાય છે, કોઈ જગ્યા એ ૧૨૦૦, કોઈ જગ્યાએ ૧૮૦૦ અને કોઈ જગ્યાએ તો ૨૪૦૦ પણ લેવાય છે તો લોહી કોઈને કોઈનું આપવાનું તો આવા જુદા જુદા ભાવ કેમ? ડોકટરે કહ્યું આ અગર સવાલ છે છતાં તેના જવાબ છેજ ડોક્ટર સાહેબે બેલ મારીને કહ્યું કે ભાઈ હવે કોઈને ૧૦ મિનીટ અંદર ના આવા દેતો. હવે તમને આ સમજાવું ખુબ જરૂરી છે ડોક્ટર સાહેબે કહ્યું કે GSCBT (ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ઓફ બ્લડ ટ્રાન્સફ્યુજન) એ લોહી ના કેટલા ભાવ લેવા એટલે લોહીના ભાવ નહિ તમને જે રક્તદાન માં રકતદાતાઓ એ જે લોહી જમા કરાવ્યું હોય એ સુરક્ષિત છે કે નહિ એમાં કોઈ રોગ છે કે નહિ જેવા કે એકતો HIV એટલે AIDS માટેનો વાઈરસ જેમાં એન્ટીજન અને એન્ટીબોડી જોવાના, HBSAG એટલે કમળો છે કે નહિ પણ એના વાઈરસ શરીરમાં ફરતા હોય તો એના માટેનો ટેસ્ટ, પછી VDRL એટલે ગુપ્ત રોગનો કોઈ ચેપ છે કે નહિ તે ખબર પડે HCV એટલે HIPETITIS-C વાઈરસએ પણ એક કમળાનો ઝેરી વાઈરસનો ટેસ્ટ છે મેલેરિયાનો ટેસ્ટ, હીમોગ્લોબીન અને ઈન્ડાયસિસ, બ્લડ ગ્રુપ, મેન્યુઅલ અને ઝેલ કાર્ડ ક્રોસમેચીંગ આ બધું તો સારું છે પણ લોહીની બોટલના ભાવ માં આટલો ફેરફાર કેમ કોઈ. ૭૦૦ રૂપિયા લે અને કોઈ ૧૨૦૦ લે. ડોકટરે જવાબ આપ્યો મારાથી એવું કહેવાય નહિ કે વધારે પૈસા લે એટલે સારુ જ પણ એજ સાચું ડોક્ટર ડોક્ટરનું જ ખેચો છો કંઈક સારું બોલો કે સાચું બોલો, ડોક્ટર સાહેબે કીધું કે છે પ્રભુદાસ ભાઈ એવું નહિ પણ બ્લડ બેંક વાળા ટેસ્ટ કરવા માટે કઈ કીટ વાપરે છે તે મહત્વનું છે ૭૦૦ રૂપિયા વાળો પણ લોહીના ટેસ્ટ તો કરતો જ હોય પણ તેની સેન્સીટીવીટી ઓછી હોય પ્રભુદાસ ભાઈ બોલ્યા સેન્સીટીવીટી એટલે શું ?એટલે કે ડોકટરે કહ્યું આજે મને HIV નો ચેપ લાગ્યો હોય એ ૯૦ માં દિવસે તે પોઝિટીવ આવે એ જ HIV ની કીટ ૩ પ્રકારની આવે એક કીટમાં ૯૦માં દીવસે પોઝિટીવ આવે બીજામાં ૧૨ દિવસે પોઝિટીવ અને ત્રીજામાં ૯૬ કલાકે પોઝિટીવ આવે. જોકે ૧૨ દિવસ વળી કીટ જે લોકો વાપરતા હોય એ લોકો **ELISA** થી કરે તો તે ૧૪૦૦ લેતા હોય છે અને જો કેમીલ્યુંમીનેસન થી કરે તો ૧૭૦૦ રુપીયા લઈ શકે. અને PCR થી ડોનર ના

**અનુસંધાન પાના નં. ૭ પર**